❖ અલંકાર એટલે શું ?

- અલંકાર અલમ + कृ નો બનેલો છે. જેમાં અલમ – પર્યાપ્ત અને કાર- કરનાર એટલે કે પછી તેમાં કશું જ ઉમેરવાનું બાકી ન રહે તેવી પૂર્ણતા લાવે તે અલંકાર.
- અલંકારનો સામાન્ય અર્થ આભુષણ એવો થાય છે.
- વાણીનું સજાવટ વાળું રૂપ એટલે અલંકાર.
- અલંકારથી ભાષામાં રમણીયતા આવે છે.

❖ અલંકારના પ્રકાર :

1. શબ્દાલંકાર
   - શબ્દને આધારે રચતા અલંકારને શબ્દાલંકાર કહેવામાં આવે છે.
   - આ અલંકારમાં શબ્દોની ગોઠવણના આધારે ભાષામાં સૌદર્યમાં વૃદ્ધિ થાય છે અને અલંકારમાની રમણીયતા શબ્દપ્રયોગ પર આધારિત હોય છે.

શબ્દાલંકારના પ્રકારો :

1. વર્ણાનુંપ્રાસ / વર્ણસગાઇ
   - એકજ વિધાન કે કાવ્ય પંક્તિમાં એકનો એક વર્ણ (અક્ષર) શબ્દના આરંભે બે કે તેથી વધારે વખત આવે તો તેવા અલંકારને વર્ણાનુંપ્રાસ / વર્ણસગાઇ અલંકાર કહે છે.

     ઉ.દા.

     1. મુખ મરકાવે માવલડી.
     2. કશીમાએ કામ કાઢ્યું.
     3. પ્રભાશંકર પાણી માટે પાણીયારા પાસે ગયા.
     4. સહિયરનો સાથ ત્યજ્યો સામટો રે લોલ.
     5. ધનતેરસે ધન ધોઈને સજ્યા સોળ શણગાર.

2. શબ્દાનુપ્રાસ / યમક
   - એકજ વિધાન કે કાવ્યપંક્તિમાં એકજ શબ્દ અથવા શબ્દસમૂહ અથવા સરખા ઉચ્ચાર વાળો શબ્દ એક કરતા વધારે વખત આવે અને દરેક વખતે તેનો અર્થ જુદો થતો હોય તેવા અલંકારને શબ્દાનુપ્રાસ કે યમક અલંકાર કહે છે.

     ઉ.દા.

     1. આ મોહનલાલમાં પાણી જ નથી,પાણી કાપશે કેમ.
     2. જવાની તો જવાની.
     3. આ તપેલી તો તપેલી છે.

4. જે વાંચે ચોપડી તે ચોપડી ચોપડી ખાય.
5. ખરે નરે ખર થવું.

3. આંતરપ્રાસ / પ્રાસસાકળી

- જયારે પ્રથમ પદનો છેલ્લો શબ્દ અને બીજા પદનો પ્રથમ શબ્દ બંને વચ્ચે પ્રાસ મળે ત્યારે આંતરપ્રાસ કે પ્રાસસાકળી અલંકાર કહેવાય છે.
  ઉ.દા.
  1. વિદ્યા ભાણિયો જેહ , તેહ ઘર વૈભવ રૂડો.
  2. મહેતાજી નિશાએ આવ્યા , લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ.
  3. જાણીલે જગદીશ , શીશ સદગુરુના નામે.

4. અંત્યાનુપ્રાસ / પ્રાસનુંપ્રાસ

- દરેક ચરણના અંતે સરખા ઉચ્ચારણવાળો શબ્દ આવ્યો હોય ત્યારે અંત્યાનુપ્રાસ / પ્રાસનુંપ્રાસ અલંકાર બને છે.
  ઉ.દા.
  1. મે મકાનો બાંધવાને જે ઘડ્યા,
     રે તે ખીલા તો અહી જડ્યા.
  2. પાને પાને પોઢી રાત,
     તળાવ જંપ્યું કહેતા વાત.

2. અર્થાલંકાર :
   - અર્થના આધારે રચતા અલંકારને અર્થાલંકાર કહેવામાં આવે છે.
   - આ અલંકારમાં શબ્દના અર્થને આધારે ભાષાના સૌદર્યમાં વધારો થાય છે.

અર્થાલંકારના પ્રકાર :

1. ઉપમા
   - કોઈ એક વસ્તુ,વ્યક્તિ કે પદાર્થની કોઈ એક ખાસ ગુણ કે બાબત અંગે બીજી વસ્તુ વ્યક્તિ કે પદાર્થ સાથે સરખાવવામાં આવે ત્યારે ઉપમા અલંકાર બને છે.
   - આ અલંકારમાં કોઈ વિશેષ ગુણ,સ્વભાવ અથવા ક્રિયાના આધારે સરખામણી થાય છે.
   - સરખામણી પામનાર બંને બાબતો વચ્ચે દેખીતી રીતે સામ્ય ન હોવા છતાં આંતરિક ગુણોના આધારે સરખામણી કરવામાં આવે છે.
     દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.

મુખ = ઉપમેય

ચંદ્ર = ઉપમાન

જેવું = ઉપમાનવાચક શબ્દ

સુંદર = સાધારણ ધર્મ

- ઉપમેય : જેની સરખામણી કરવામાં આવે તે.
- ઉપમાન : ઉપમેયણી જેની સાથે સરખામણી કરવામાં આવે તે.
- સાધારણ ધર્મ : બંને વચ્ચે રહેલો સમાન ગુણ.
- ઉપમાનવાચક શબ્દ : સરખામણી દર્શાવનાર શબ્દ.

ઉ.દા.

1. મહુડા માથા ઉતારતા યોગી જેવા લાગે છે.
2. અનીલ શી ઝટ ઉપડી સાંઢણી.
3. કમલવત ગણી બાલના ગાલ રાતા.

2. અનન્વય :

- ઉપમેયની સરખામણી કરવા યોગ્ય ઉપમાન ન મળે ત્યારે ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ કરવામાં આવે તેને અનન્વય અલંકાર કહે છે.
- આ અલંકારમાં ઉપમેય એવું અસાધારણ હોય છે કે તેની સરખામણી ઉપમાન સાથે કરવાને બદલે ઉપમેયનેજ ઉપમાન બતાવામાં આવે છે.

ઉ.દા.

1. ગાંધીજી એટલે ગાંધીજી.
2. જવાહર તો જવાહર.
3. દાદાજી એટલે દાદાજી.મનેખ જેવા મનેખનેય કપરો કાલ આવ્યો છે.

3. રૂપક :

- ઉપમેય અને ઉપમાન એકજ હોય તેમ દર્શાવામાં આવે ત્યારે રૂપક અલંકાર બને છે.
- આ અલંકારમાં એક બાબતને બીજી બાબતનું રૂપ આપવામાં આવે છે.
- એક વસ્તુજ બીજી વસ્તુ છે તેમ સ્વીકારી લેવામાં આવે છે.
- અહી સરખામણીને કોઈ અવકાશ નથી.
- ઉપમેય ઉપમાન' વિશેની એકરૂપતા સિદ્ધ થાય છે.

ઉદા.

1. બપોર એક શિકારી કુતરું છે.
2. મારે મન લાઇબ્રેરી લોકશાહીનું મંદિર.
3. આપણે આવળ બાવળ બોરડી.

4. વ્યતિરેક :

- ઉપમેયને ઉપમાન કરતા શ્રેઠ બતાવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે.

ઉ.દા.

1. શિક્ષક એટલે બાપા કરતા પણ વધારે.
2. એનું અંગ કમળથીય કોમળ છે.
3. રાજુની ગાળોતો તેને મધથી પણ મીઠી લાગતી હતી.

5. ઉત્પ્રેક્ષા :

- ઉપમેય અને ઉપમાનની સરખામણી કરવામાં આવે પરંતુ એમાં ઉપમેય એ ઉપમાન હોય એવી સંભાવના કે કલ્પના કરવામાં આવે અને એ માટે જાણે,રખે,શકે વગેરે જેવા શબ્દો આવે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.

ઉ.દા.

1. હોડી જાણે આરબ ઘોડી.
2. દેવોના ધામ જેવું હૈડું જાણે હિમાલય.

6. વ્યાજસ્તુતિ :

- જયારે પ્રશંસા દ્વારા નિંદા કે નિંદા દ્વારા વખાણ કરવામાં આવે ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર બને છે.

ઉ.દા.

1. તમે તો બહુ બહાદુર ઉંદર જોઇને નાઠ્યા.
2. વેવાઈનું રૂપ જોવો રે બાઈ !
   કદર્પ સરીખો લાગે રે.

7. શ્લેષ :

- કોઈ એક વિધાન કે કાવ્ય પંક્તિમાં અનેકાર્થી શબ્દ પ્રયોજ્યો હોય અને તેને લીધે વિધાન કે કાવ્યપંક્તિના એક કરતા વધારે અર્થ થતા હોય ત્યારે શ્લેષ અલંકાર બને છે.

  ઉ.દા.

  1. થયા પુરા બેહાલ,સુરત તુ જ રડતી સુરત ?

     સુરત = ચહેરો,મુખ

     સુરત = સુરત શહેર

  2. અઢળક ઢળીયોરે શામળિયો.

     અઢળક = ઢળી પડવું

     અઢળક = પ્રસન્ન થવું

8. સાજીવારોપણ :

- જયારે વાક્ય કે કાવ્યપંક્તિમાં નીર્જીવની અંદર ચેતનાનું આરોપણ કરવામાં આવે તેને સાજીવારોપણ અલંકાર કહે છે.

  ઉ.દા.

  1. ઘડિયાળના કાંટા ઉપર હાફ્યા કરે સમય.
  2. છકડો પાણી પંથો ઘોડો થઇ ગયો.
  3. વૃક્ષો ઋતુની રાહ જોતા રહે છે.

9. દષ્ટાંત :

- જયારે એક વિધાનના સમર્થનમાં એક ઉદાહરણ રજુ કરવામાં આવે ત્યારે તે દષ્ટાંત અલંકાર બને છે.

  ઉ.દા.

  1. મરતા મરતા સંતો બીજાઓને સુખી કરે,
     બળતો બળતો ધૂપ સુવાસિત બધું કરે.
  2. ઉંચી નીંચી ફર્યા કરે જીવનની ઘટમાળ,
     ભરતી એની ઓટ છે,ઓટ પછી જુવાળ.

10. અતિશયોક્તિ :

- જ્યારે વાસ્તવિકતાની હદ વટાવીને કાર્યકારણનો સંબધ ઉલટાવીને અથવા ઉપમેય ઉપમાનમાં સમાઈ જાય ત્યારે અતિશયોક્તિ અલંકાર બને છે.

  ઉ.દા.

  1. એ નાટક એટલું કરુણ હતું કે થીએટર અશ્રુધાર બની ગયું.
  2. શીલાણી બંને આંખે શ્રાવણ ભાદરવો વહી રહ્યો.